પ્રજ્ઞા લઘુ પુસ્તકમાળા - ૭

# વિચાર બદલાય, તો યુગ બદલાય



— શ્રીરામ શર્મા આચાર્ય

# વિચાર બદલાય, તો યુગ બદલાય

મનુષ્ય જેવો કંઈ દેખાય છે - સમાજનું જેવું કંઈ સ્વરૂપ છે, તેમાં તે સમાઈને તાત્કાલિક વિચારધારાઓનું પ્રતિબિંબ માત્ર છે. માન્યતાઓ અને આસ્થાઓ જ છે, જે અંતઃકરણમાં આકાંક્ષા, પ્રેરણા બનીને વિકસિત થાય છે અને તેના આધારે જ ક્રિયાકલાપોનું સર્જન થવા લાગે છે.વ્યક્તિ જે કંઈ કરતી દેખાય છે, તેના મૂળમાં વાસ્તવમાં માન્યતા જ છે, જે તેના અંતઃકરણમાં દઢમૂળ થઈને સ્થાપિત થઈ ગઈ છે.જુદા જુદા માણસો અને જુદા જુદા સમાજો વચ્ચે ક્રિયા-કલાપ અને રહેણી-કરણીમાં જે સ્તર જોવા મળે છે, તેનું કારણ બીજું કાંઈ નથી, તેની આસ્થાઓમાં સમાયેલી ભિન્નતા જ છે.જે આદર્શો અને માન્યતાઓને માણસ અપનાવી લે છે, તેને અનુરૂપ તેની ગતિવિધિઓનું સર્જન થતું રહે છે.

સંત ઈમર્સને એક મહત્ત્વપૂર્ણ ભવિષ્યવાણી કરી હતી, "ભવિષ્યમાં સંસારમાંથી યુદ્ધોનો સદા માટે



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અંત થઈ જશે." તેમનું કથન હતું, "આજે લોકોનાં મનમાં શત્રુ, આક્રમણ, યોદ્ધા, સંપત્તિ, સંઘર્ષ, વિજયની જે વિચારણા ઉત્પન્ન અને પ્રતિસ્થાપિત કરી દેવામાં આવી છે, એ જ યુદ્ધનું કારણ છે.ભવિષ્યમાં વિશ્વ-બંધુત્વ, વિશ્વ-નાગરિકતા, વિશ્વ-પરિવારના વિચાર ઉત્પન્ન થશે અને વિજયના સ્થાને લોકો ત્યાગ અને સેવામાં રસ લેવા માંડશે. ત્યારે કોઈ કોઈનો શત્રુ નહિ રહે. હર કોઈ બીજાની મદદ કરવાની વાત વિચારશે.માનવીય પ્રકૃતિમાં આ પ્રકારનો ફેરફાર લાવવાનું પૂર્ણપણે સંભવ છે. સંસારનો બુદ્ધિજીવી વર્ગ પ્રબળ પ્રયત્નો દ્વારા આ કરી શકે છે. વિચારધારાઓ અને આસ્થાઓના પરિવર્તનની સાથેસાથે મનુષ્યની પ્રકૃતિ બદલાઈ જશે. પરિણામે યુદ્ધોનો પણ અંત આવી જશે."

આ ભવિષ્યવાણી કેવળ કલ્પના નહિ, એક સુનિશ્ચિત સચ્ચાઈ છે.ભવિષ્યમાં જન-માનસનું નવનિર્માણ થશે. વિચારક્રાંતિનું એક તોફાન આવશે અને એ તોફાનમાં આજની સમસ્ત કુંઠાઓ



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને વિકૃતિઓ તુચ્છ તણખલાંની માફક ઊડીને વેરવિખેર થઈ જશે.નવા વિચારોને અનુરૂપ નવો સમાજ બનશે, નવી વ્યક્તિ ઢળાશે, નવી પરંપરાઓ સ્થાપિત થશે અને નવી ગતિવિધિઓની નવી હલચલ સર્વત્ર દષ્ટિગોચર થવા લાગશે.

એમ વિચારવું બરાબર નથી કે વર્તમાન કુત્સિત માન્યતાઓમાં મનુષ્યને કોઈ સુવિધા, આકર્ષણ, સુખ અથવા લાભ છે અને ભાવિ ઉત્કૃષ્ટ વિચારધારાઓ અપનાવવાથી તેણે અસુવિધા અને કઠણાઈઓનો સામનો કરવો પડશે, એટલે લોકો વર્તમાન રીતિનીતિ છોડીને નવી રીતિનીતિ અપનાવા માટે ઉત્સુક નહિ બને. સચ્ચાઈ કંઈક બીજી જ છે. આજની માન્યતાઓએ જીવનને ખૂબ જ ભારે, ખૂબ જ ખર્ચાળ, ખૂબ ગૂંચવાયેલું અને કષ્ટસાધ્ય બનાવ્યું છે. આ ભાર ઊંચકવામાં તેની કમર તૂટી રહી છે.બહારથી જરા પણ મોજશોખની વાત ભલે કહી લે, કરી લે, પણ અંતરંગ ખોલીને જોવામાં આવે તો ત્યાં કષ્ટ, વ્યથા, ગૂંગળામણ,



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અશાંતિ, ખીજ અને અસંતોષ સિવાય બીજું કંઈ છે જ નહિ.પ્રત્યેક સ્તરની વ્યક્તિ પોતાના અંતરંગમાં પોતાના ઢંગની લગભગ આવી જ સ્થિતિ લઈને બેઠી છે. પોતાના સાથીઓથી, પોતાની પરિસ્થિતિઓથી કોઈને સંતોષ નથી. બાહ્ય અને અંતરંગ જીવનમાં પ્રત્યેક વ્યક્તિ અસંતુષ્ટ જોવા મળશે.

જો કે ઉત્કૃષ્ટ વિચારોની દુનિયાનું વ્યાવહારિક સ્વરૂપ આપણી નજર સામે સ્પષ્ટ નથી, એવી સ્થિતિ ક્યાં જોવા મળે ? ક્યાંય એવું દશ્ય નજર સામે આવતું નથી, એટલે વાત પૂરી સમજાતી નથી.જો ક્યાંય એવો સમાજ અથવા વાતાવરણ સામે આવી જાય જેને જોઈને ઉત્કૃષ્ટ જીવનની સુવિધાઓનું અનુમાન કરી શકાય, તો નિશ્ચિતપણે લોકો એ સ્થિતિઓમાં પોતાને બદલવા તૈયાર થઈ જશે અને સ્પષ્ટપણે એવું અનુભવશે કે કુત્સિત આસ્થાઓને લઈને ભારભૂત જીવન જીવવા કરતાં ઉત્કૃષ્ટ વિચારણાઓને અપનાવીને જીવવાનું કેટલું સરળ, સુખદ, શાંતિ અને ઉલ્લાસથી પરિપૂર્ણ છે !



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એ દિવસ આવશે, લાવવામાં આવશે, જ્યારે લોકો નિકૃષ્ટતાની કષ્ટદાયક વિભીષિકાની હાનિને સમજશે અને તેને ઘૃણાપૂર્વક છોડી દેશે. એ દિવસ લાવવામાં આવશે, જ્યારે લોકો ઉત્કૃષ્ટતાની સુખદ સંભાવનાઓને મૂર્તિમંત જોશે અને તેને નિષ્ઠાપૂર્વક હૃદયંગમ કરવા માટે તત્પર થશે. નવયુગ બદલાયેલો દેખાશે. ત્યારે સંત ઈમર્સનની ભવિષ્યવાણી અનુસાર ફક્ત યુદ્ધોનો જ અંત નહિ આવે, પરંતુ રોગ, શોક, ઈર્ષા, દ્વેષ, ઉદ્વેગ, અભાવ, અસંતોષ વગેરે તમામ વિકૃતિઓનું સમાધાન થઈ જશે, ત્યારે મનુષ્ય પરસ્પર પરિપૂર્ણ સ્નેહ સદ્ભાવ સાથે રહેશે, એ પરિસ્થિતિઓમાં મનુષ્યને દેવતા અને સમાજને સ્વર્ગ કહેવા-માનવામાં કોઈને કોઈ વાંધો આવશે નહિ.

આ પરિવર્તન તોપ, તલવારોથી સંભવ નથી.દંડ, કાનૂનના પ્રતિબંધોનો પ્રભાવ ફક્ત શરીર પર પડે છે. શરીર પર પ્રતિબંધ લાદવામાં આવે અને મન પ્રતિકૂળ દિશામાં ચાલે તો તે પ્રતિબંધ લાંબા સમય સુધી રહી શકતો નથી.મનુષ્ય એટલો



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ચતુર છે કે પોતાની અંતરંગ આકાંક્ષાઓની પૂર્તિ માટે પ્રતિબંધોને તોડીને કોઈ ને કોઈ ગુપ્ત કે પ્રકટ માર્ગ કાઢી લે છે. કોઈને મારી નાંખવામાં આવે તો પણ તેનો આત્મા નવા જન્મમાં ફરી તેના પૂર્વ સંસ્કારોને અનુરૂપ કામ કરવાનું શરૂ કરી દે છે.વ્યક્તિનું પરિવર્તન તેના વિચારોનું પરિવર્તન જ છે.આસ્થાઓ બદલવાથી વ્યક્તિનો દૃષ્ટિકોણ બદલાય છે અને તેની બધી જ ક્રિયાપદ્ધતિ બદલાઈ જાય છે. જો માણસ આજે નરકમાં પડ્યો છે, બીજાને નરકમાં ઘસડી રહ્યો છે, તે જો ભાવનાત્મક સ્તર પર બદલાઈ જાય તો તેની સમસ્ત ગતિવિધિઓ ઊલટી થઈ શકે છે. તે પોતાના માટે સ્વર્ગીય દૃષ્ટિકોણનું સર્જન કરીને ઉત્કૃષ્ટ જીવન જીવી શકે છે અને તેની આસપાસના વાતાવરણમાં સ્વર્ગીય સુગંધ હર કોઈને આનંદવિભોર કરી શકે છે.અસલી પરિવર્તન દૃષ્ટિકોણનું, વિચારધારાઓનું પરિવર્તન જ છે, જેના આધારે વ્યક્તિ જ નહિ, સમાજ, સંસાર અને યુગ બધું જ બદલાઈ જઈ શકે છે.



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જન આસ્થાઓ બદલવા માટે એવાં દશ્ય અને અવસરોનું નિર્માણ કરવું જોઈએ, જેને પ્રત્યક્ષ જોઈને લોકો એવું અનુમાન લગાવી શકે કે ઉત્કૃષ્ટ વિચારણાઓ અને આસ્થાઓ કેવા પ્રકારની પરિસ્થિતિઓ ઉત્પન્ન કરી શકે છે.આ પ્રયોગ અને પ્રશિક્ષણ લોકોની વસ્તુસ્થિતિ સમજવામાં સહાયક સાબિત થશે.એવા આશ્રમોની, પરિવારોની, છાત્રાલયોની, સરકારી નિભાવ સમિતિઓની સ્થાપના આ દષ્ટિએ ખૂબ ઉપયોગી રહેશે, જેમાં ઉત્કૃષ્ટ સ્તરનો દષ્ટિકોણ ધરાવતી વ્યક્તિઓ સાથેસાથે રહીને ઉત્કૃષ્ટ જીવન જીવે અને ઉપલબ્ધ સુવિધાઓની જાણકારી સર્વસાધારણને આપીને તેને એવાં જ અનુકરણની પ્રેરણા આપે. લોકો ખરાબ વાતોની નકલ કરી શકે છે તો સારી વાતોની પણ નકલ કરશે.ખરાબ કરતાં સારાની શક્તિ વધારે છે.એટલે ખરાબ જેટલી ઝડપે ફેલાય છે, તેના કરતાં જો સારું નક્કર તથ્યો પર આધારિત હોય તો વધારે ઝડપથી ફેલાઈ શકે છે.



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પણ આ તો બહુ આગળની વાત થઈ ગઈ. હજી તો આપણે કક્કો શરૂ કરવાનો છે. ઉત્કૃષ્ટ મનોભૂમિનાં લોકો છે ક્યાં, જેનો સમૂહ ભેગો કરી શકાય ? ઉત્કૃષ્ટતા એક દિવસમાં પેદા થતી નથી. તે લાંબા સમયના સ્વાધ્યાય, સત્સંગ, ચિંતન, મનનથી ધીમેધીમે ઉત્પન્ન અને પરિપક્વ થાય છે. જે ભાવાવેશમાં એક જ ક્ષણમાં દુર્જનમાંથી સજ્જન બની જાય છે તેમને પછી ફસકાઈને બીજા જ દિવસે પોતાની જૂની જગ્યાએ પહોંચતાં વાર નથી લાગતી. એટલે નવી દુનિયા વસાવવા માટે આજે જે ક્રમ શરૂ કરવામાં આવે છે, તે એ છે કે ઉત્કૃષ્ટતાની વિચારણાનું વૈજ્ઞાનિક અને બુદ્ધિસંગત તર્ક અને પ્રયાસોનું પરિપુષ્ટ સ્વરૂપ જનસાધારણની મનોભૂમિ સુધી પહોંચાડવા માટે અથાક પ્રયત્ન કરવા.

વીતેલા દિવસોમાં ધર્મ અને અધ્યાત્મનું શિક્ષણ, શાસ્ત્ર-પ્રવચન, રિદ્ધિ-સિદ્ધિ, દેવતાની પ્રસન્નતા, સ્વર્ગ-મુક્તિ જેવા પારલૌકિક અપ્રત્યક્ષ આધારો પર જ આપવામાં આવતું રહ્યું છે.અત્યારે પણ



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કથા-પ્રવચનોનો એ જ આધાર ચાલી રહ્યો છે.આ બુદ્ધિવાદી યુગમાં એ આધાર અપ્રામાણિક માનવામાં આવી રહ્યા છે અને તેની ઉપેક્ષા કરવામાં આવી રહી છે.આ ઉપેક્ષાની પાછળ એક કારણ ધર્મનું એ સ્વરૂપ પણ છે જે કોઈક સમયે શ્રદ્ધાળુ મનોભૂમિ માટે સમાધાનકારક રહ્યું હશે પણ આજે ઉપયોગિતા સિદ્ધ કરી શકતું નથી.પરિણામે તેને લોકો સંદિગ્ધ, અપ્રામાણિક અને કાલ્પનિક કહીને ઉપેક્ષામાં નાંખી દે છે.ધર્મનું વાસ્તવિક સ્વરૂપ જેવું આજે સમજવામાં અને સમજાવવામાં આવી રહ્યું છે એવું પોલું નથી. તેની પાછળ નક્કર આધાર છે. તર્ક, પ્રમાણ અને સચ્ચાઈના આધારે ધર્મ અને અધ્યાત્મના સિદ્ધાંત પૂર્ણપણે ખરા છે, આવશ્યકતા એ વાતની છે કે સમયને અનુરૂપ બુદ્ધિસંગત રીતે એ ઉત્કૃષ્ટ વિચારધારાને પ્રસ્તુત કરવામાં આવે.આ આવશ્યકતા વધુ સારી રીતે પૂરી કરવામાં આવે તો વર્તમાન પેઢીને તેનો સ્વીકાર કરવાનું કોઈ કારણ નથી.સામ્યવાદમાં નવી વિચારધારા બુદ્ધિસંગત રીતે પ્રસ્તુત કરવામાં આવે તો પચાસ



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વર્ષની અંદર સંસારની અડધી વસતિએ તેનો સ્વીકાર કર્યો એટલું જ નહિ, કાર્યરૂપ આપવાનું પણ શરૂ કરી દીધું.અધ્યાત્મવાદ સામ્યવાદની સરખામણીમાં ક્યાંય વધુ સ્થાયી, ક્યાંય વધુ ઉત્કૃષ્ટ, ક્યાંય વધુ સર્વાંગપૂર્ણ, ક્યાંય વધુ ભાવનાત્મક છે.એટલે જો તેને બુદ્ધિસંગત રીતે પ્રસ્તુત કરી શકાય, તો કોઈ કારણ નથી કે જનતા એને સ્વીકાર ન કરે અને લોકરીતિમાં તેને ઉચિત સ્થાન ન મળે.

એ સારી રીતે સમજી લેવું જોઈએ કે વ્યક્તિ બીજું કાંઈ જ નથી, વિચારણાઓ અને આસ્થાઓનું પ્રતીક માત્ર છે. તેની સમસ્ત ગતિવિધિઓ તેની અંતઃનિષ્ઠાનું પ્રતીક છે. સમાજ વ્યક્તિઓનો સમૂહ જ તો છે. જે સ્તરની વ્યક્તિ હશે, તેમનો સમાજ પણ તેવો જ હશે. જો આપણને ઉત્કૃષ્ટ વ્યક્તિ, ઉત્કૃષ્ટ સમાજ અને ઉત્કૃષ્ટ યુગની અપેક્ષા હોય તો તેનો એકમાત્ર ઉપાય એ જ છે કે પ્રત્યેક મનુષ્યને ઉત્કૃષ્ટ વિચારણાઓ સાથે સતત સંબદ્ધ રાખવાની એક સુનિયોજિત વ્યવસ્થા બનાવવામાં આવે.



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઉત્કૃષ્ટ વિચારણાઓથી પ્રભાવિત વ્યક્તિ ઉત્કૃષ્ટ રીતિ-નીતિ સ્થિરપણે અપનાવી શકે છે. તેમની સંખ્યામાં વધારો જ ઉત્કૃષ્ટતાના નવા યુગનું સર્જન કરી શકે છે.

ઋતુપરિવર્તનની સાથે આપણે આપણા ઓઢવાનાની વ્યવસ્થા બદલી નાંખીએ છીએ. યુગ-પરિવર્તનનો ક્રમ અસાધારણ ફેરફાર લઈને પ્રસ્તુત થઈ રહ્યો છે. આપણે સમયસર ભવિષ્યને અનુરૂપ ઢળાવાનો પ્રયત્ન અત્યારથી કરીએ એ જ સારું છે અને જો બની શકે તો લંકાકાંડમાં પ્રસ્તુત કરવામાં આવેલી રીંછ-વાનરોની ભૂમિકા નિભાવવામાં પોતાની જાતને, પોતાના પ્રસ્તુત જીવનને ધન્ય બનાવવાનો પ્રયત્ન કરીએ.

આગામી દિવસોમાં કોઈ વ્યક્તિ વારસામાં મળેલી અથવા વ્યાજ-ભાડાની, પરિશ્રમ વિનાની કમાણી પર ગુજરાન ચલાવી શકશે નહિ. સંપત્તિ પર સરકારનું નિયંત્રણ હશે, પ્રત્યેક વ્યક્તિએ કઠોર શ્રમ કરીને જ પોતાના નિર્વાહની વ્યવસ્થા કરવી પડશે. આ સંભાવનાઓની વચમાં કોઈએ અમીર



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બનવાનું, સંપત્તિનો સંચય કરીને સ્વામિત્વ ભોગવવાનું, પુત્ર-પૌત્રો માટે દોલત જમા કરી જવાનું નિરર્થક સ્વપ્ન તોડી જ નાંખવું જોઈએ. જે જેટલો સંગ્રહ કરશે, તેને વિનમ્રતાપૂર્વક છોડતી વખતે એટલું જ વધારે કષ્ટ થશે. વ્યક્તિગત સંપત્તિના દિવસો આવી ગયા, સંગ્રહીત સંપત્તિના જોરે એશઆરામ કરવાનો સમય પણ વીતી ગયો. આવી સ્થિતિમાં જેમની પાસે પુત્ર-પૌત્રો માટે છોડી જવા લાયક સંપત્તિ હોય, તેમના માટે બુદ્ધિમત્તા એમાં જ છે કે તેઓ તે સમયસર સમાજને આપી દે. આપવામાં પણ બુદ્ધિમત્તાનો પરિચય આપે. અન્ન, જળ, વસ્ત્ર, નિવાસ વગેરેની ભૌતિક સુવિધાઓ ઉત્પન્ન કરનાર સદાવ્રત, પરબ, હૉસ્પિટલ, ધર્મશાળા વગેરેથી લોકોને શારીરિક લાભ જ મળી શકે છે. વળી મફતમાં કોઈ ચીજ કોઈ અપંગ અથવા સમાજસેવકે જ લેવી જોઈએ. સમર્થ વ્યક્તિ બીજાનાં અનુદાનનો લાભ અકારણ કિંમત ચૂકવ્યા વિના ઉઠાવે તો તેને ભિક્ષાવૃત્તિ જ કહેવાશે. ભિક્ષાવૃત્તિનો સ્વીકાર કરવો એ સમર્થ



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વ્યક્તિ માટે શરમની વાત છે. પોતાની સુવિધાઓ દરેક વ્યક્તિએ પોતે જ મૂલ્ય ચૂકવીને ઊભી કરવી જોઈએ. અપંગો માટે ધર્મશાળા, પરબ વગેરે બને તો તે વાત સમજાય છે, પણ સમર્થ વ્યક્તિ એવો લાભ ઉઠાવે તો એ દાન આપનાર માટે અહંકારની પૂર્તિનું નિમિત્ત ભલે બને, સમર્થ ઉપભોક્તા માટે પતન અને શરમનું નિમિત્ત જ બનશે.

સામાન્ય રીતે લોકો વિવેકપૂર્વક નહિ, નામ મેળવવા અને પ્રશંસાને ધ્યાનમાં રાખીને દાન કરે છે. તેવી જ રીતે ઈશ્વરને નિવાસ, ભોજન, સેવા-ચાકરી ઉપલબ્ધ કરાવનાર મંદિરોની વાત પણ વિચારણીય છે. પ્રાચીનકાળમાં મંદિર જનજાગૃતિનું કેન્દ્ર બની રહેતાં હતાં અને ત્યાંના નિવાસી લોકમંગલની અસંખ્ય પ્રવૃત્તિઓનું સંચાલન કરતાં હતા, એટલે એ દેવાલયોનું નિર્માણ અને તેમાં લગાવવામાં આવતું ધન સાર્થક થતું હતું. આજે સ્થિતિ જુદી છે. દેવાલયો નિહિત સ્વાર્થવાળા મહંત-મઠાધીશોને વિલાસી સુવિધાઓ ભેગી કરાવવાનું માધ્યમ જ બનેલાં છે. ભક્ત લોકો એમ



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સમજીને મંદિર બનાવડાવે છે કે ઈશ્વર એક વ્યક્તિ છે, તેના ઉપર ભોજન, વસ્ત્ર, નિવાસ વગેરેનો અહેસાન કરવાથી તે મર્યા પછી વ્યાજ સહિત અનેકગણી સુવિધાઓ આપણને સ્વર્ગમાં આપશે. આ દૃષ્ટિકોણ અત્યંત છીછરો છે. ઈશ્વર વ્યક્તિ નહિ શક્તિ છે. તેને પ્રસન્ન કરવા માટે, લોકમંગલ માટે, વિશ્વવસુધાને શ્રેષ્ઠ સમુન્નત બનાવવા માટે રાખવામાં આવેલી સદ્ભાવના અને ઉદારતા જ પ્રિય હોઈ શકે છે.

દાનની સાર્થકતા અને નિરર્થકતાનું મૂલ્યાંકન કરનાર વ્યક્તિ જાણે છે કે સંસારમાં સમસ્ત દુઃખો અને સમસ્યાઓનું એકમાત્ર કારણ માનવીય દુર્બુદ્ધિ છે. તેને દૂર કરવા માટે ઉચ્ચ વિચારણા ઉપલબ્ધ કરી શકવાનાં સાધન ભેગાં કરવાં એ જ સુખશાંતિનો એકમાત્ર આધાર છે. આ આવશ્યકતાની પૂર્તિ માટે જ્ઞાનયજ્ઞ જેવું કોઈ અભિયાન ઊભું કરવાનો અને ચાલુ રાખવાનો પ્રબંધ નથી. સમયની આ મહાન આવશ્યકતાને પૂરી કરવા માટે કરવામાં આવેલાં દાનને જ



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વિવેકસંમત કહી શકાય. એમાં જ સમાજનું હિત હશે, સાર્થકતાને અનુરૂપ દાતાને તેનાથી જ આત્મસંતોષ મળશે. જેમની પાસે નિર્વાહ ઉપરાંતનું ધન છે, તેમણે આ પ્રયોજન માટે તે પણ ખર્ચી નાંખવું જોઈએ. દાન તો મંદિરો, મઠોમાં કરોડો-અબજો લોકોએ કર્યું છે, પણ ભામાશાહની માત્ર ત્રીસ લાખની ઉદારતા એટલા માટે અજર-અમર થઈ ગઈ કે કયા કાર્યનો કેટલો ઉપયોગ છે? રાણા પ્રતાપના સ્વાધીનતા સંગ્રામની ગરિમા જેટલી મોટી હતી, તેના પ્રમાણમાં વિવેકવાન ભામાશાહની એ નાનકડી રકમની પણ પ્રશંસા થઈ. જ્ઞાનયજ્ઞથી વધારે આ યુગમાં વિશ્વમાનવની સેવાનું બીજું કોઈ માધ્યમ નથી. વિચારક્રાંતિ, નૈતિક ક્રાંતિ અને સામાજિક ક્રાંતિની સફળતા પર વિશ્વકલ્યાણની આધારશિલા રાખવાની છે, તેથી આ મૂળને સીંચીને આપણે વિશ્વમાનવનું ભવિષ્ય ઉજ્જ્વળ બનાવી શકીએ છીએ. ધન જ્યાં પણ હોય, જ્યાં પણ મૂડી સંગ્રહીત થઈ હોય, તેને ન તો વિલાસિતા માટે જમા કરી રાખવી જોઈએ, ન



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તો પુત્ર-પૌત્રોમાં ભાગ પાડવો જોઈએ. બાળકોને સ્વાવલંબી, આત્મજીવી બનાવવાની જવાબદારી માતા-પિતાની છે. તેમને સંપત્તિ આપીને મરવું અને હરામની કમાણી ખાઈને પોતાનો લોક-પરલોક બગાડવા માટે પતનોન્મુખ કરવાં, તેમાં સહેજ પણ બુદ્ધિમાની નથી. નિર્વાહથી બચેલા પૈસાની સાર્થકતા નથી સંગ્રહમાં, નથી વિલાસિતામાં; નથી સગા-સંબંધીઓને મોજ કરવા છોડી જવામાં. તેનો સાચો સદુપયોગ લોકમંગલ માટે સમાજને પાછા આપવામાં જ છે.

ભાવિ પરિવર્તન સાથે જોડાયેલું બીજું ચરણ છે - જાતિ અને લિંગભેદનો અંત. માણસ-માણસ વચ્ચે ઊભી કરવામાં આવેલી આ અન્યાય અને અવિવકપૂર્ણ દીવાલો લાંબા સમય સુધી ઊભી રહી શકશે નહિ. મનુષ્યની એક જાતિ હતી અને એ જ રહેશે. જાતિ-બિરાદરીના નામે ઊંચ-નીચની માન્યતા અને અલગતાનું જેટલું પણ રૂઢિવાદી માળખું ઊભું છે, તે આગામી તોફાનના એક જ સપાટામાં ઊજડી જતું દેખાશે. નથી એનું કોઈ



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઔચિત્ય, નથી આધાર, એનાથી હાનિ અપાર છે. તેથી મહાકાળ આવી અનીતિમૂલક મૂર્ખતાને લાંબા સમય સુધી સહન કરી શકે નહિ, તેનું ઉન્મૂલન અને ઉચ્છેદન થવાનું જ છે. આપણે આપણા જીવનક્રમમાં જ્ઞાતિવાદને તિરસ્કૃત કરવાની ચેષ્ટા કરવી જોઈએ. કાચી-પાકી રોટલીનો ભેદ ગાયત્રી યજ્ઞોના સામૂહિક પ્રીતિભોજનોમાં એક રીતે હટાવી જ દેવામાં આવ્યો છે. રોટલી, ખીચડી વગેરેની મિજબાની આપણાં આયોજનોમાં થાય છે. જાતિભેદ વિના લાખો-કરોડો વ્યક્તિ તેમાં ભાગ લે છે. તેનો વ્યાપક પ્રભાવ સમાજ પર પડ્યો છે અને એ માન્યતા ઘણુંખરું દૂર થઈ ચૂકી છે કે કોઈના હાથનું ભોજન કોઈ ખાઈ લે તો તેનો ધર્મ ભ્રષ્ટ થઈ જશે.

રોટી પછી બેટીનો નંબર આવે છે. આ સંદર્ભમાં લોકોના મનમાં હજી બહુ કચાશ છે. તેથી ધીરાં ડગલાં ભરવાની દૃષ્ટિએ અમે એમ કહી રહ્યા છીએ કે શરૂઆતમાં વિવાહ-લગ્ન કરતી વખતે ઉપજાતિઓનાં બંધનો તો તોડી જ નાંખવાં.



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય વગેરે મુખ્ય જાતિઓ ઉપજાતિઓનો ભેદ તોડીને વિશાળ સમુદાય બનાવવાનું પગલું ભરે. કોઈ એક ઉપજાતિની વ્યક્તિએ પોતાની જાતિની બીજી ઉપજાતિમાં લગ્ન કરવામાં સહેજ પણ અચકાવું ન જોઈએ. પ્રત્યેક સમુદાયમાં આવાં જ કદમ ભરવાં. તેનાથી વર-કન્યાઓનાં યોગ્ય જોડાં શોધવાનું સરળ થઈ જશે અને દહેજ જેવી નિંદનીય પ્રથાનું સહેલાઈથી ઉન્મૂલન થઈ શકશે.

જાતીય સભા સંસ્થાઓ એ પ્રયોજન માટે બનાવી શકાય છે કે ઉપજાતિઓનો અંત આણીને એક મોટો સમુદાય બની જાય. આજનાં જાતિ-સંગઠનો પોતાના વર્ગનું ગૌરવ ગાવા તરફ, પોતાને બીજા કરતાં શ્રેષ્ઠ સાબિત કરવા તરફ અને અલગતાની ભાવના ઉત્પન્ન કરવા તરફ ઉન્મુખ થઈ રહ્યાં છે, એટલે એનાથી લાભને બદલે નુકસાન જ વધારે છે. તેની હરીફાઈમાં જો પ્રગતિશીલ બ્રાહ્મણ સભા, પ્રગતિશીલ ક્ષત્રિય સભા, પ્રગતિશીલ વૈશ્ય સભા, પ્રગતિશીલ કાયસ્થ સભા વગેરે બની જાય તો



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેનાથી ભેદની દીવાલ તૂટવાનું એક ચરણ પૂરું થઈ શકે છે. અંતે તો એક જ જાતિ રહેવાની છે - 'માણસ જાતિ' આજે નહિ તો કાલે 'વસુધૈવ કુટુમ્બકમ્' ના લક્ષ્ય સુધી આપણે પહોંચવું જ પડશે.

નારી જાતિ પ્રત્યે નર દ્વારા થોપવામાં આવેલા અનુબંધોમાં સામંતવાદી, તાનાશાહી, દુષ્પ્રવૃત્તિનું નગ્ન નૃત્ય જોઈ શકાય છે. પડદાપ્રથાની શું ઉપયોગિતા છે ? ગાય, ભેંસ, ઘેટાં-બકરાં સુધ્ધાંને મોં પર નકાબ લગાવવો પડતો નથી અને તેઓ જ્યારે ઇચ્છે ત્યારે પોતાની વાણી ખોલી શકે છે. નારીને એટલી પણ સ્વતંત્રતા ન હોય, તેણે મોં પર કલંકિનીની જેમ પડદો ઢાંકી રાખવો પડે અને કોઈ સાથે વાત કરવા માટે મોં ખોલવાની પણ પરવાનગી ન હોય, તો તે મનુષ્યતાનું અપમાન જ કહેવાશે. શિક્ષણ અને સ્વાવલંબનના ક્ષેત્રમાં નારી પોતાની પદદલિત સ્થિતિને કારણે બહુ જ પછાત રહી ગઈ. પળેપળ અંકુશ, નિયંત્રણ અને બંધનમાં જકડાયેલી રહેવાને કારણે તેનું મનોબળ ક્ષીણ થઈ ગયું. જબરદસ્તીથી પ્રજનન થોપાવાથી તે સ્વાસ્થ્ય



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પણ ગુમાવી બેઠી. જેલમાં રહેનાર કેદીઓ કરતાં પણ ખરાબ દશા આપણા સમાજમાં નારીની છે. આ સ્થિતિને બદલવામાં ન આવે તો આપણી અડધી વસતિ અપંગોની જેમ નિરુપયોગી અને બોજારૂપ જ બની રહેશે. આ સ્થિતિનો અંત આણવા માટે સાહસિક કદમ ઉઠાવવાનો સમય આવી ગયો છે.

નારી શિક્ષણ પર વધુમાં વધુ ધ્યાન અપાવું જોઈએ. ગૃહકાર્યમાં વ્યસ્ત અને પ્રૌઢ મહિલાઓ માટે ત્રીજા પહોરમાં પ્રત્યેક ગલી, મહોલ્લા, ગામમાં પ્રૌઢ પાઠશાળાઓની વ્યવસ્થા હોવી જોઈએ. પુરુષોનું એ કર્ત્તવ્ય હોવું જોઈએ કે ઘરની મહિલાઓ, છોકરીઓને ભણાવવા માટે દરરોજ થોડો સમય કાઢે અને ઘરેલુ પાઠશાળા ચલાવે. આમતેમ ગપ્પાંબાજી કરતા ફરવાને બદલે સેવા, મનોરંજન અને સમયના સદુપયોગની આ સર્વોત્તમ રીત છે. તેમને ઘરથી બહારનાં કેટલાંક કામ અને જવાબદારી સોંપવી જોઈએ, જેથી તે હીનતાની ભાવનાથી મુક્ત થઈને લોકવ્યવહારની અભ્યાસુ



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

થઈ શકે. દીકરા-દીકરીનો ભેદભાવ મનમાંથી દૂર કરી દેવો જોઈએ અને બંનેને ડાબી-જમણી આંખની જેમ સમાન સમજવાં અને બંનેના વિકાસ માટે એકસરખી વ્યવસ્થા કરવી.

પ્રજનનનો ભાર નારી પર ઓછામાં ઓછો પડે, તે એના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને સુરક્ષિત રાખવાની દૃષ્ટિએ નિતાંત આવશ્યક છે. બે બાળકો થયા પછી સંતાનોત્પાદન પર પૂર્ણવિરામ મૂકી દેવું જોઈએ. આપણા દરિદ્ર, અશિક્ષિત અને રુગ્ણ દેશમાં બાળકોની ઝંખના એટલી બધી છે કે સંતાન ન થવાથી દંપતી દુઃખી રહેવા લાગે છે અને પોતાને અભાગી માને છે. જ્યારે તથ્ય એ છે કે આજની સ્થિતિમાં બાળકો ઉત્પન્ન કરવાં એક રીતે ધરતી પર ભાર વધારવા જેવો અને દેશદ્રોહ જેવો અપરાધ ગણાવો જોઈએ. સાચું તો એ છે કે જેમને બાળકો નથી તેમના ભાગ્યની ખૂબ પ્રશંસા કરવી જોઈએ. તે લોકો પોતાના બાળઉછેરની બચેલી શક્તિને લોકમંગલનાં અધિક ઉપયોગી કાર્યોમાં લગાવીને ધન્ય બની શકે છે અને જે પૈસા બાળકો



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

માટે ખર્ચાત તેને નવનિર્માણનાં ઉપયોગી કાર્યોમાં ખર્ચી શકે છે.

લગ્ન કરવાનું જે નર-નારી આવશ્યક સમજે તેમણે જ લગ્ન કરવાં જોઈએ. જેમને દાંપત્યજીવનની ભારે જવાબદારી ઉઠાવવામાં સંકોચ થતો હોય તેમને તેના માટે જરાપણ દબાણ કરવું જોઈએ નહિ. દહેજની માગ નારી જાતિનું નિંદનીય અપમાન છે. જ્યાં એવી માગ પૂરી કર્યા વિના કામ ન ચાલે ત્યાં છોકરીઓએ સાહસપૂર્વક લગ્ન કરવાનો ઇનકાર કરી દેવો જોઈએ અને કુંવારી રહીને જીવન વિતાવવું જોઈએ. દહેજની લાંબી-પહોળી માગણી કરનાર નિષ્ઠુર હૃદય-માંસ વિક્રેતાઓને ત્યાં દીકરી આપવાને બદલે તેને આજીવન કુંવારી રહેવા દેવી બહેતર છે.

યુગ-પરિવર્તનનું ત્રીજું ચરણ વિશ્વ એકતા રૂપે થાય છે. એક રાષ્ટ્ર, એક ધર્મ, એક ઈશ્વર, એક તત્ત્વદર્શન, એક સંસ્કૃતિ, એક ભાષાની સમગ્ર એકતા અપનાવીને જ વિશ્વબંધુત્વની ભાવનાને વિકસિત કરી શકાશે અને સમસ્ત વિશ્વને પ્રેમ તથા



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એકતાના પારિવારિક સ્નેહસૂત્રમાં બાંધી શકાશે. તેના માટે ગુણગ્રાહી દષ્ટિકોણ વિકસાવવો પડશે. પોતાનું તે સારું એવો દુરાગ્રહ છોડીને જે સારું તે પોતાનું-નો આદર્શ અપનાવવો પડશે. બધા જ લોકો પોતપોતાના સંપ્રદાય કે ભાષાને જ સર્વશ્રેષ્ઠ કહેતા રહ્યા છે. પોતાનાપણાનો મોહ છોડવા માટે કોઈ તૈયાર ન થયું તો એકરૂપતા ક્યારેય શક્ય બનશે જ નહિ અને તેના વિના પ્રગતિ અટકેલી જ પડી રહેશે. આપણે વિશ્વનાં સમસ્ત દર્શનો અને ધર્મોનું મંથન કરીને તેમાંથી જે સિદ્ધાંત આજની પરિસ્થિતિઓને અનુરૂપ-અનુકૂળ લાગતા હોય તે અપનાવી લેવા જોઈએ, વિશ્વધર્મ આ રીતે બનશે. વિશ્વશક્તિની, વિશ્વ રાષ્ટ્રની, વિશ્વ બંધુત્વની પદ્ધતિથી વિચારવાનું શરૂ કરી દેવું જોઈએ. પક્ષપાત નહિ ન્યાય અને વિવેક, ઉદારતા અને વિશાળતાનો દષ્ટિકોણ જો અપનાવવામાં આવે અને એવી જ વ્યાપક વિચારધારા પ્રસારિત કરવામાં આવે તો ફક્ત યુદ્ધોનું જોખમ જ નહિ ટળે, પરંતુ હળીમળીને



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કામ કરવાની અને હળીમળીને ખાવાની સહયોગાત્મક પ્રવૃત્તિ પણ વિકસશે. આજે જે ખેંચતાણ મચેલી છે, તે જો બદલાઈને પારસ્પરિક સહયોગ અને સર્જનમાં લાગી જાય તો નિઃસંદેહ આ ધરતી પર સ્વર્ગ અવતરી શકે છે. આમ તો આ કાર્ય રાજનીતિ અને રાજનેતાઓ દ્વારા સહેલાઈથી સંપન્ન કરાવી શકાય છે, પણ તેમને આની સુમતિ મળતી નથી, કારણ કે વધારે લોકોને નેતા બનવાની અને તેનો લાભ ઉઠાવવાની તક અલગતાવાદને હટાવવાથી અને એકતાની પ્રવૃત્તિઓને વધારવાની દિશામાં ચાલવાથી મળતી નથી. વ્યક્તિગત અને સામાજિક જીવનમાં આ એકતાની પ્રક્રિયાને વિકસિત કરવાની તક મળે, તે માટે આપણે પ્રયત્નશીલ રહેવું જોઈએ. સમન્વયવાદી, એક કેન્દ્ર પર એકત્રિત કરનાર, જુદી જુદી વિચારધારાવાળા લોકોને એકત્રિત કરનારાં આયોજન કરતા રહીએ, જેમાં અલગતાની વચ્ચે એકતા શોધી કાઢનાર વિચાર વ્યક્ત કરવામાં આવે. દૂર રહેવાથી અલગતાની ખાઈ પહોળી થાય



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે અને હળતા-મળતા રહેવાથી એકબીજાની વધુ નજીક અવાય છે.

ચોથો આધાર વ્યક્તિવાદને સમૂહવાદમાં પરિવર્તિત કરવાનો છે. ધનની દૃષ્ટિએ જ માણસ સ્વાર્થી બન્યો હોય, લોભ-મોહમાં ગ્રસ્ત થયો હોય, એવી વાત નથી. પ્રત્યેક ક્ષેત્રમાં એટલે સુધી કે ધર્મ, અધ્યાત્મ, ઈશ્વર જેવાં પરમાર્થ પ્રયોજનોને પણ વ્યક્તિગત સ્વાર્થપરતાના કીચડમાં ઘસડી લેવામાં આવ્યાં છે.

એ એક તથ્ય છે કે પોતાનાં સત્કર્મો અને સેવા-અનુદાનોથી ભરેલાં ઉચ્ચ આચરણને જોઈને પરમેશ્વર જેટલો દ્રવિત થાય છે, એટલો ધૂપ-દીપ મેળવીને નહિ. એ જ વાત વિશ્વમાનવને લાગુ પડે છે. લોકોની ભૌતિક સુખ-સુવિધાઓ, અન્ન, જળ, વસ્ત્ર, દવા, ધન વગેરેની મફત વ્યવસ્થા કરીને સંસારની જે સેવા કરી શકાય છે, તેનાથી કરોડગણી વધુ સેવા તેના અંતરંગ વિચારસ્તર અને ભાવપ્રવાહનું સ્તર ઊંચું ઉઠાવીને કરી શકાય છે. ઊંચા ભાવસ્તરની વ્યક્તિ પોતાની સમસ્યાઓ તો



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સહેજે હલ કરી લે છે, તેને બીજાની સમસ્યા ઉકેલવામાં અને અંધકારમાં પ્રકાશ ઉત્પન્ન કરવામાં પણ વાર લાગતી નથી. આ સ્તરનું અનુદાન ઈશ્વરભક્તિનો, આત્માને પરમાત્મામાં લય કરવાનો સૌથી શ્રેષ્ઠ પ્રકાર માની શકાય છે.

આપણે આપણી અને આપણા પરિવારની ચિંતા, જેટલી સમસ્ત સમાજની કરીએ એટલી જ કરવી જોઈએ. સમસ્ત વિશ્વને જ્યારે પોતાનો પરિવાર માનવાનું છે તો થોડાક લોકો પર જ બધું ધ્યાન કેન્દ્રિત કરી લેવું અને એમના માટે જ મરવું-ખપવું કઈ રીતે ઉચિત હોઈ શકે ? સારો ગૃહસ્વામી પોતાના આખા પરિવારનું એકસરખું ધ્યાન રાખે છે અને સમસ્ત પરિજનોની સુવિધા ભેગી કરવાનો પ્રયત્ન કરે છે. આપણે આપણું હૃદય એવું જ વિશાળ બનાવવું જોઈએ અને એવો જ વિશાળ દૃષ્ટિકોણ વિકસાવવો જોઈએ. સ્વર્ગ નિઃસંદેહ ઉત્કૃષ્ટ દૃષ્ટિકોણનું નામ છે, એને પ્રાપ્ત કરવાથી વ્યક્તિની વિચારવાની અને કામ કરવાની રીત એવી આત્મસંતોષભરી અને શાંતિદાયક થઈ જાય



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે કે તેને પળેપળ નંદનવનમાં રહેવા જેવો આનંદ મળે છે.

એ કલ્પના માત્ર બાળભાવના છે કે ઈશ્વર એક વ્યક્તિ છે અને વ્યક્તિને સામગ્રી તથા પ્રશંસાના પ્રલોભનથી ગમે તે રીતે આકર્ષિત-પ્રભાવિત કરી શકાય છે અને ફુલાવીને પોતાનો સ્વાર્થ સાધી શકાય છે. આજે સમસ્ત પૂજા-પાઠ એ જ ધરીની આસપાસ ફરી રહ્યા છે કે ઈશ્વર એક વ્યક્તિ છે અને વ્યક્તિની બધી દુર્બળતાઓ તેનામાં મોજૂદ રહેવાથી ભક્તિની કહેવાતી વિડંબના તેની પાસેથી કામ કઢાવવામાં સફળ થઈ શકે છે આ બાળમાન્યતા બહુ જૂની થઈ ગઈ અને તેની નિરર્થકતાને પ્રત્યેક કસોટી પર પરખી લેવામાં આવી. હવે એ ભક્તિભાવનાનો ઉદય કરવાનો છે જે ભાવ ભક્તિરૂપે વિશ્વવ્યાપી પરમાત્મસત્તાને ઉત્કૃષ્ટ કર્તૃત્વ અને શ્રેષ્ઠ ભાવસ્તર દ્વારા જ પ્રભાવિત અને આકર્ષિત કરી શકે છે. વ્યષ્ટિનું સમષ્ટિમાં સમર્પણ, એ સાધુ-બ્રાહ્મણ જીવનનું સ્વરૂપ અનાદિ કાળથી ચાલ્યું આવ્યું છે



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વચગાળાના વિડંબનાના ગાળાને ઉપેક્ષિત કરી દેવો જોઈએ અને પ્રત્યેક મનને ભગવાનનું મંદિર તથા ઉત્કૃષ્ટ આદર્શવાદિતાને દેવપ્રતિમા રૂપે પ્રતિષ્ઠિત કરવી જોઈએ. સદ્જ્ઞાન, સદ્ભાવ, સત્કર્મનાં પુષ્પોથી જ ભગવાનને સાચો શણગાર કરી શકાય છે. આ માન્યતા સાથે આપણે જ્ઞાન અને કર્મથી સમન્વિત ભક્તિભાવનાની ત્રિવેણીમાં સ્નાન કરીને સાચી આત્મિક પ્રગતિ અને ચિરસ્થાયી સુખ-શાંતિનો અનુભવ કરવો જોઈએ.

આગામી સમય સાચા ધર્મ, સાચું અધ્યાત્મ અને સાચા તપસાધનનો હશે, તેમાં પૂજા-પાઠ ભલેને ઓછાં થઈ જાય, પણ પ્રત્યેક વ્યક્તિ એ અનુભવ કરશે કે અમારાં મનઃસંસ્થાન અને કર્મ પ્રક્રિયાનો પ્રત્યેક કણ લોકમંગલ માટે સમર્પિત હશે. લોકો ઓછાં સાધનોમાં સાદાઈ અને સજ્જનતાનું જીવન વિતાવી લેવાને પર્યાપ્ત અને સંતોષજનક માની લેશે, તેમની મહત્ત્વાકાંક્ષાઓનું આખું કેન્દ્ર વિશ્વવ્યાપી સદ્ભાવનાઓ અને સત્પ્રવૃત્તિઓના



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અભિવર્ધન પર કેન્દ્રિત થઈ જશે.

આ પરિવર્તનની પ્રક્રિયા અનાયાસ જ સામે આવીને ઊભી થઈ જશે નહિ. જાદુઈ છડી ઘુમાવીને કોઈ સંત, અવધૂત કે અવતાર આ બધું કરી જશે નહિ. તેના માટે કરોડ-કરોડ જનતાએ સખત પ્રયત્ન કરવો પડશે અને પ્રત્યેક સજગ આત્માએ પ્રસ્તુત વિપન્નતાઓ સામે ઝઝૂમવા માટે રીંછ-વાનરોની જેમ દુઃસાહસિક બનવું પડશે. આ મહાઅભિયાનનું નેતૃત્વ કરવા માટે મહાભાગની આજે અત્યંત આવશ્યકતા છે, જે ઈશ્વરીય ઇચ્છા, યુગની આવશ્યકતા અને વિશ્વવ્યાપી સુખ-શાંતિ માટે પોતાના ક્ષુદ્ર સ્વાર્થોનું બલિદાન આપીને નવનિર્માણની ભૂમિકા સંપન્ન કરતાં કરતાં પોતાને ધન્ય બનાવી શકે.

યુગપરિવર્તનની વેળા ઝડપથી નજીક આવતી જઈ રહી છે. આ સમય પ્રસવપીડાનો છે, અગ્નિપરીક્ષાનો છે - એમાં સૌથી વધારે પરીક્ષા એ સમર્થ આત્માઓની હશે, જેને સંસ્કારસંપન્ન સમજવામાં આવે છે. તેમણે પોતાનો જીવનક્રમ



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એવો ઢાળવો પડશે, જેને જોઈને બીજાં પણ એવું જ અનુકરણ કરી શકે. ચરિત્રનું શિક્ષણ વાણીથી નહિ, પોતાનો આદર્શ પ્રસ્તુત કરીને જ આપી શકાય છે. તેથી જેનામાં માનવીય ગરિમા અને દૈવી મહાનતાના જેટલા અંશ વિદ્યમાન છે, તેમણે તે પ્રમાણમાં પોતાના દુઃસાહસપૂર્ણ કર્તૃત્વને વિશ્વમાનવ સમક્ષ પ્રસ્તુત કરવા માટે દૃઢતાપૂર્વક અગ્રેસર થવું જોઈએ.

'યુગ નિર્માણ યોજના' અંતર્ગત આ મહત્ત્વપૂર્ણ કાર્યને સર્વોપરિ તત્પરતા સાથે હાથમાં લેવામાં આવ્યું છે. ઉત્કૃષ્ટતાની અધ્યાત્મ વિચારધારાને આજની પરિસ્થિતિઓ સાથે મેળવીને એવી રીતે વિનિર્મિત કરવામાં આવી રહી છે કે તેને પ્રત્યેક વ્યક્તિ સારી રીતે સમજી શકે અને તેની ઉપયોગિતા સ્વીકારી શકે. નવી દુનિયા બનાવી શકવા યોગ્ય ઉત્કૃષ્ટ વિચારધારાના નિર્માણનું કાર્ય જે રીતે કરવામાં આવી રહ્યું છે, તેની ખૂબ ખૂબ પ્રશંસા પ્રત્યેક વિચારશીલ અને દૂરદર્શી બુદ્ધિજીવીએ કરી છે. એ તથ્ય એકસ્વરે સ્વીકારવામાં આવી રહ્યું છે



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કે યુગનિર્માણની વિચારધારા જો સારી રીતે સમજી અને સમજાવી શકાય તો નિશ્ચિતપણે લોકોનો દૃષ્ટિકોણ બદલાઈ શકે છે, તેમને નવી રીતે વિચારવાનો આધાર મળી શકે છે. આ આધાર પર વ્યક્તિ અને સમાજની નવી ગતિવિધિઓનું, નવી રીતિ-નીતિઓનું સર્જન કરી શકાય છે.

એવી વિચારધારાઓના નિર્માણનું કાર્ય અત્યંત સસ્તા અને અત્યંત પ્રેરક સાહિત્ય રૂપે 'યુગ નિર્માણ યોજના' ના કેન્દ્રીય કાર્યાલય દ્વારા કરવામાં આવી રહ્યું છે. લગભગ ૩૨૦૦ પુસ્તકો, જીવનનિર્માણ ટ્રૈક્ટ, ફોલ્ડર, લઘુ પુસ્તકો, લેખ પત્રક, પત્રિકાઓ વગેરે લખવામાં અને પ્રકાશિત કરવામાં આવી ચૂક્યાં છે. આગળ બીજું પણ ઘણું બધું લખાવાનું છે. અનેક ભાષાઓમાં તેના અનુવાદ પણ કરવામાં આવી રહ્યા છે, પણ લખતા અને છાપતા જવાથી જ કંઈ કામ ચાલવાનું નથી. તેનાથી પણ વધારે મહત્ત્વનું કાર્ય છે આ વિચારોને જન-જનનાં મન સુધી પહોંચાડવાની પ્રચાર-પ્રક્રિયા. જો એની વ્યવસ્થા ન થઈ શકે તો આ બધું લખાણ-છાપકામ



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કચરાના ઢગલામાં પડીને સડતું રહેશે અને ઉધઈ-ઉંદરોનો ખોરાક બનીને પસ્તીવાળાને ત્યાં પસ્તીમાં બંધાઈને નાશ પામશે. નિર્માણ જેટલું મહત્ત્વપૂર્ણ છે, તેનાથી પણ વધુ મહત્ત્વપૂર્ણ પ્રસાર છે. નિર્માણ તો એક કે કેટલીક વ્યક્તિઓ પણ કરી શકે છે, પરંતુ પ્રસાર માટે તો અનેક વ્યક્તિઓનો શ્રમ અને મનોયોગ જોઈએ. જો આપણે આ વ્યવસ્થા સારી રીતે બનાવી શકીએ તો સમજવું જોઈએ કે વ્યક્તિ-નિર્માણની, સમાજ-નિર્માણની એક બહુ મોટી મંજિલ પાર કરી લીધી.

આ જ આધારને લઈને યુગ બદલાઈ રહ્યો છે. યુગ નિર્માણ યોજનાથી પ્રભાવિત પ્રત્યેક પરિજને પોતાનું મસ્તિષ્ક અને ક્રિયાકલાપ એ જ દિશામાં પ્રખર બનાવવા માટે દુઃસાહસપૂર્ણ કદમ ઉઠાવવા માટે તત્પર થવું જોઈએ, એ જ યુગ દેવતાનો પોકાર છે અને એ જ અમારો અનુરોધ આગ્રહ છે.

મુદ્રક : યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા.

Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org